## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*બધા છોડ ઉગે તો નગર જંગલ થઈ જાય !*
*ઓક્સિજનથી વાતાવરણ મંગળ થઈ જાય!*
*પણ વવાતા નથી છોડ, માત્ર 'આંકડા' વાવે છે -*
*ખર્ચનું સત્ય ઉગે તો મોટું દંગલ થઈ જાય!*

હાઈકુ

*થાય નાટક !*
*તંત્રના રંગમંચે*
*વૃક્ષા-રોપણ!*
*(કેમેરા સામે)*

*પવિત્ર હાથ*
*શુદ્ધા હૃદય હોય તો -*
*ધરા પાવન*
*(ધરતી મ્હોરી ઉઠે)*

### ચિંતન

**અલમ્ અર્થેન કામેન્ સૃકૃતેન અપિ કર્મણા ।**
**એભ્યઃ સંસારકાન્તારે ન વિશ્રાન્તમ્ અભૂત મનઃ ॥**

ઉપરોક્ત શ્લોક વિવેચ ચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

ધન-કામનાઓ, પુણ્યકર્મો બહુ થયાં તેનાથી પણ આ સંસાર વનમાં મનને ક્યાંક શાંતિ મળી નહીં. જનક તો રાજા હતા. રાજ્વૈભવમાં રહેતા હતા. તેથી જ અહીંયા ધનની વાત પહેલા કરે છે અને પછી ઈચ્છાઓની વાત થઈ છે. ધન અને ઈચ્છાઓનો સુમેળ કરીને માણસ સૃકૃત કે દુષ્કૃત કંઈ પણ કરે છે.

જનક જેવા રાજા માટે સુકૃત જ હોય - તેથી જ કહે છે કે રાજા તરીકે તું ઘણું ધન પામ્યો છે ને જ્ઞાની હોવાથી તારી ઈચ્છાઓ પણ ઊંચી છે, તેથી તે પૂણ્યકર્મો પણ ઘણાં કર્યાં! પણ હવે બસ ! કારણ કે એ બધાથી પણ સંસારમાં મનને શાંતિ તો નથી જ. સંસાર વન ને વૃંદાવન તપોવન બનાવવું કે અંધાર વન તે પણ મન પર જ આધારા રાખે છે. પરંતુ મોટા ભાગના લોકો માટે તે વૃંદાવન ને બદલે વન વગડો જ બની રહે છે. આખરે કંટાળીને માણસ ઘડીક તો બધું જ છોડી દેવા તૈયાર થઈ જાય છે. મન હંમેશા રાગ અને ત્યાગ વચ્ચે ઝોલા ખાતું રહે છે.

### સુવિચાર

- લોકો શું કહેશે એવું વિચારીને જીવતા હોવ તો પછી ઈશ્વર શું કહેશે એનો પણ વિચાર અવશ્ય કરજો - **મોરારી બાપુ**
- ઈશ્વરને દીયા હૈ એસા સોચ કર કષ્ટ સહ લેના તપ હૈ - **ઈશ્વર સૂત્ર**
- મનમાં કંઈક ભરી ને જીવશો તો, મન ભરીને જીવી નહીં શકો - **એસ. ભટ્ટાચાર્ય**
- કેવી રીતે કહેવામાં આવે છે અને કેવી રીતે સાંભળવામાં આળે છે... એના ઉપર જીવનની મોટા ભાગની શાંતિ ટકેલી હોય છે... - **ચંદ્રેશ પ્રજાપતિ**
- જો સપનાઓ ચંદ્ર સુધી પહોંચવાના હોય તો... પછી મહેનત પણ ચંદ્ર સાથે જાગીને કરવી પડશે - **જનકલ્યાણ**
- વૈરાગ્ય વિવેક જન્ય હોવું જોઈએ, પરિસ્થિતિ જન્ય નહીં - **બોધિવૃક્ષ**
- આજનું ઔષધ : શિવણના ફળ મધ સાથે વાટીને ખાવાથી રક્ત શુદ્ધિ થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક ગુરુના બે શિષ્યો હતા. જેમાંનો એક ભણવામાં ખૂબ હોંશિયાર અને બીજો કમજોર હતો. પરિણામે પહેલાને પ્રશંસા સન્માન, મળતું અને બીજને ઉપેક્ષાનો સામનો કરવો પડતો. એક દિવસ બીજાએ ગુરુજીને ફરિયાદ કરતાં કહ્યું, 'ગુરુજી, તમે મારી સાથે અન્યાય કરી રહ્યા છો, હું તમારી પાસે એ શિષ્યની પહેલાથી આપની પાસે શિક્ષણ મળી રહ્યો છું, તેમ છતાં તમે એને વધારે ભણાવો છો અને વધુ હોંશિયાર બનાવો છો.' ગુરુએ કહ્યું, 'હું તને એક વાર્તા કહું છું, એક યાત્રી ક્યાંક જઈ રહ્યો હતો. રસ્તામાં તેને તરસ લાગી, તોડું શોધતાં એક કૂવો મળ્યો. કૂવા પર ઘડો હતો પણ દોરડું ન હતું. તેણે થોડી તપાસ કરી પણ પછી આગળ નીકળી ગયો. થોડા સમય બાદ એ જ કૂવા પર અન્ય એક તરસ્યો યાત્રી આવ્યો. એણે ઘડો જોયો. તેણે તે ઘાસ ઉખાડ્યું અને દોરડું વણી નાખ્યું. થોડી મહેનત કરી તો એક દોરડું તૈયાર થઈ ગયું. એ દોરડા વડે કૂવામાંથી પાણી ખેંચી પોતાની તરસ છીપવી.' હવે તું મને જવાબ આપ, તરસ ક્યા યાત્રીને વધારે લાગી હતી? બીજા નંબરના શિષ્યે કહ્યું, 'સ્વાભાવિક છે કે, તરસ બીજા નંબરના યાત્રીને વધારે લાગી હતી.' ગુરુએ કહ્યું, 'તરસ બીજા નંબરના યાત્રીને વધારે લાગી હતી. એવું આપણે એટલા માટે કહી શકીએ, કારણ કે તેણે તરસ છીપાવા મહેનત કરી. એવી જ રીતે તારા સાથીમાં જ્ઞાન મેળવવાની તલબ છે, જેને છિપાવવા તે સતત મહેનત કરે છે. જયારે તું એટલી મહેનત કરતો નથી.' શિષ્યને ગુરુજીની વાતથી સંતોષ થયો.

# ઓબીસીમાં મન ફાવે એવો ઉમેરો કરવાની સત્તા

**તંત્રીસ્થાનેથી...**

સંસદમાં ચોમાસુ સત્રનું અવસાન થયું છે. સત્રને મળેલા સમયના ગમતરીના કલાકો પૂરતું જ કામ ચાલી શક્યું છે. જેનો સત્તાપક્ષ, વિપક્ષ અને દેશના તમામ નાગરિકોને રંજ હોવો ઘટે. કરોડો રુપિયાનું પાણી થઈ જાય અને કશી નક્કર ચર્ચા વિચારણા કે કામગીરી ન થાય તે ખરેખર કોઈ પણ લોકશાહી માટે શરમજનક ઘટના જ ગણાવી જોઈએ. જો કે આપણા ચૂંટાયેલા પ્રતિનિધિઓએ તો કયારનીય એવી શરમને તિલાંજલી આપી દીધેલ છે. કોંગ્રેસની નેતાગીરી વાળી યુપીએ સરકાર વખતે આજનો સત્તાધારી પક્ષ આવો જ હોબાળો મચાવતો રહ્યો છે, જે સંસદની કાર્યવાહીના રેકર્ડ પર છે. એટલે જયારે વર્તમાન ઉપરાષ્ટ્રપતિ અને રાજયસભાના હોદ્દાની રૂએ અધ્યક્ષ વેંકૈયા નાયડુ વિપક્ષના ઊહાપોહ તથા અભદ્ર વ્યવહારથી આખી રાત ઊંઘી ન શક્યા હોય તો અદ્લ એવું જ અસુખ તત્કાલીન ઉપરાષ્ટ્રપતિ કે સ્પીકરે પણ અનુભવ્યું જ હશે. સાટું વળી ગયું. સવાલ વિપક્ષે ઉઠાવેલા મુદ્દાઓનો છે. વિપક્ષ એની ફરજની રૂએ પ્રજા લક્ષી મુદ્દાઓ ઉપસ્થિત કરે છે, જેની ચર્ચા થવી જ જોઈએ બલકે સત્તાપક્ષે અને સરકારે એટલી નૈતિકતા તો દાખવવી જ જોઈએ કે વિપક્ષી પ્રતિનિધિઓને એણને જે લાગતું હોય તે રજૂ કરવાની તક મળે અને સદનમાં એની તંદુરસ્ત ચર્ચા કે સમીક્ષા થાય. વર્તમાન સરકારના પગ નીચે રેલો આવી ગયેલો છે. પેગાસસ મુદ્દે એ અક્ષર પણ ઉચ્ચારવા તૈયાર નથી કારણ કે હકીકતમાં એને જાસૂસી કરાવી છે! ખેડૂતના મુદ્દે એ કશું બોલવા તૈયાર નથી કારણ કે એણે ઉદ્યોગપતિઓને અનુકૂળ આવે એ પ્રકારનાં કૃષિ સુધારા બિલ પસાર કરી દીધેલ છે જે પરત ખેંચવામાં એનું નાક કપાઈ જાય એમ છે. મોંઘવારીએ માઝા મૂકી છે, પેટ્રોલ ડીઝલના ભાવ ઘટાડે તો સરકારી તિજોરી પર મોટો માર પડે એમ છે અને કોરોનાકાળની ભૂલો તો અપરંપાર છે. આ તમામ બાબતો વિશે સદનમાં ચર્ચા થાય તો મોદી સરકારનું પ્રજામાનસમાં અને મીડિયામાં નામું લખાઈ જાય એમ છે. આખા સત્ર દરમિયાન ફક્ત એક જ મુદ્દા પર સત્તાપક્ષ અને વિપક્ષ એક અવાજે બોલ્યા છે. જયાં બીજા તમામ બિલો સરકારે પોતાની બહુમતીના જોરે ચર્ચા વગર જ પસાર કરી દીધાં છે ત્યાં ઓબીસી અનામતનો રાજયોનો અધિકાર આપવા મુદ્દે બધા સહમત થયાં છે. છૂટકો જ નહોતો. સુપ્રીમ કોર્ટે ઓબીસી અનામતમાં જાતિઓના સમાવેશ સંદર્ભે આપેલ ચુકાદામાં કેન્દ્ર સરકાર પાસે જ એ સુવાંગ સત્તા હોવી જોઈએ એવો નિર્દેશ - બદલે આદેશ હતો. હવે જયારે રાજયો દીઠ અનામત મુદ્દો આંદોલનો થતાં હોય અને એ પ્રભાવી વોટબેંકોને રાજી રાખવી હોય તો રાજયો પાસે અનામત જાતિઓના ઉમેરવાની સત્તા હોવી જરૂરી છે. ગુજરાતમાં પાટીદારો અને મહારાષ્ટ્રમાં મરાઠાઓથી લઈ રાજસ્થાનમાં જાટ સહિતનાં કેટલાક સમુદાયોને ઓબીસીમાં સમાવવા માટે નડતી સંવિધાનની કલમમાં સુધારો સર્વસંમતિથી કરીને 'શાણા' સાંસદોએ કેવી 'એકતા' દર્શાવી છે ! તાકાત છે કોઈની કે અનામતને હટાવવાની વાત કરી શકે? ઊલટાના સાંસદોએ તો ૫૦ ટકાથી વધુ અનામત આપી શકાય એવા સુધારાની પણ માગણી કરી દીધી છે. મૂળે તો આ બધી કસરત ચૂંટણીલક્ષી છે. ઓબીસી વર્ગમાં 'ઘૂસી' ગયેલી જાતિઓ વિરુદ્ધ આર્થિક રીતે પગભર એવા પાટીદાર કે મરાઠા સમુદાયને પણ હવે 'ઓબીસી' બની જવાનો લ્હાવો સાંપડશે. એનો યશ કોઈ વિપક્ષ કે પ્રાદેશિક પાર્ટી ન લઈ જાય એની તકેદારી સત્તાધારી પાર્ટીએ રાખી છે. પ્રજાને વધુમાં વધુ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાય એ જ કલ્યાણ રાજનું લક્ષ્ય હોવું જોઈએ. પરંતુ હવે કહેવાતી ઉચ્ચ જાતિઓનું શું થશે ? માયાવતીએ ફરી એક વાર દલિત-બ્રાહ્મણનું સમીકરણ માંડ્યું છે ત્યારે શું ઉત્તરપ્રદેશની સરકાર બ્રાહ્મણોને પણ 'ઓબીસી'માં સમાવવાનું 'ક્રાંતિકારી' પગલું ભરી શકશે ? આખરે ચૂંટણી જીતવા માટે જે કંઈ કરવું પડે તે કરવા વર્તમાન શાસક કૃતસંકલ્પ જ છે !

# સ્વતંત્રતાની દેવી

**અમર વારસો**

ડૉ. રશ્મિકાન્ત મહેતા

દિલ્હીથી દક્ષિણે ૪૦૦ માઈલને અંતરે ઝાંસી આવેલું છે. બુંદેલખંડનો વિસ્તાર ગણાય. એના મહારાણી લક્ષ્મીબાઈ (ઈ.સ. ૧૮૨૮ થી ૧૮૫૮) હતા.

ઈ.સ. ૧૯૫૭ની ઘટનાને 'વિપ્લવ' ન કહેવાય. એ 'સ્વાતંત્ર્ય સંગ્રામ' જ હતો. આનું યશસ્વી અને ઉજ્જવળ સુવર્ણપ્રકરણ છે. આ સંગ્રામમાં એમનું પ્રદાન. એમની દૃઢનિર્ણય શક્તિ, અજોડ પરાક્રમ, સ્વજનો અને આશ્રિતો તરફનો સ્નેહભાવ, કુશળ રાજનીતિ સત્તા - આ બધું ભાવિ પેઢી માટે પ્રેરણારુપ છે.

યુદ્ધ મેદાનમાં એમની સામે બ્રિટીશ સેનાપતિ જનરલ હ્યુ રોઝ હતા. એમને એના પરાક્રમને અંજલિ આપી; એ વાક્ય જાણીતું છે : 'ધ ઈન્ડિયન મ્યુર્ટિની હેઝ પ્રોડ્યુસ્ડ બટ વન મેન, એન્ડ ધેટ મેન વોઝ એ વુમન' 'આની પાસે શ્રેષ્ઠ પૌરુષ હતું, આશ્ચર્ય એ પુરુષ નહીં - પણ એક સ્ત્રી પાસે હતું.'

સંસ્કૃત ભાષા કયારેય મૃત રહી નથી. આધુનિક વિષયો સાથે રચનાઓ થતીજ રહે છે. મહારાણી લક્ષ્મીબાઈ વિષે સંસ્કૃતમાં ત્રણ નાટકો રચાયાં છે :

(૧) ઈ.સ. ૧૯૩૭ - ઉત્તર



ભારતના મથુરા પ્રસાર દિક્ષીતનું નાટક છે 'ભારતવિજય' આમાં સાત અંકો છે. ઝાંસીનાં સરસ્વતી વદન દ્વારા પ્રકાશિત થયું છે. આ જ વર્ષમાં, સિમલા પાસેના સોલન ગામમાં રંગમંચ ઉપર એનો અભિનય થયો છે. અંગ્રેજોએ ભારતમાં પ્રવેશ કર્યો, ત્યારથી શરૂ કરીને વિદાય લીધી; ત્યાં સુધીનું કથાવસ્તુ છે. આનાં પાંચમા અંકમાં ૧૮૫૭નો સંગ્રામ છે. રાણીના ઉદાત્ત પરાક્રમ અને વીરગતિનું વર્ણન છે.

(૨) ઈ.સ. ૧૯૬૩ - મહારાષ્ટ્રના શ્રીરામ ભી. વેલણકરે નાટકની રચના કરી છે.'સ્વાતંત્ર્ય લક્ષ્મી'. આ જ વર્ષના ડિસેમ્બર માસમાં આકાશવાણીના દિલ્હી કેન્દ્ર પરથી આનું પ્રસારણ થયુ છે. નાટકમાં ત્રણ અંકો છે.

(૩) ઈ.સ. ૧૯૬૭ - બાંગ્લાદેશમાં યતીન્દ્ર બિમલ ચૌધરી હતા. એમનું નાટક છે. 'ભારતલક્ષ્મી'. નાટકમાં દશ અંક છે.

નાટકોમાંથી મળતી વિગતો આ રીતે છે :

લક્ષ્મીબાઈના લગ્ન ઝાંસીના રાજા ગંગાધર પંત સાથે થયા હતા. પુત્ર જન્મ્યો, પણ મૃત્યુ પામ્યો. ઈ.સ. ૧૯૫૪માં ૨૫ વર્ષની વયે પતિનું અવસાન થયું. ભત્રીજા દામોદરને દત્તક લીધો પરંતુ ડેલહાઉસીએ દત્તકવિધાન માન્ય ન રાખ્યું. રાણીએ ઝાંસી સોંપવાની ના પાડી દીધી અને યુદ્ધ સ્વીકરી લીધું. રાણીની સહાયમાં ઓચ્છાની રાણી લઢી હતી. મહારાણી સાથે યુદ્ધમાં નારીસેના પણ હતી. કાલપીથી તાત્યા ટોપે સહાયમાં આવ્યા હતા; પરંતુ અંગ્રેજોએ એને અધવચ્ચે અટકાવ્યા. રાણી એમની પાસે જવા રવાના થયાં; પુરુષ વેશ લીધો. ઝાંસીમાં એની સખી ચેતના હતી. એણે લક્ષ્મીબાઈનો વેશ લીધો; વીરગતિને પામી. બાળકને પીઠ સાથે બાંધીને, ગ્વાલિયરના યુદ્ધમાં મહારાણી સતત લડતા રહ્યા. ઈ.સ. ૧૯૫૮, ૧૮મી જૂન, જેઠ સુદ સાતમે ૨૯ વર્ષની વયે વીરગતિને પામ્યાં.

પંદરમી ઓગસ્ટના સ્વાતંત્ર્ય દિને આ સ્વતંત્રતાની દેવીને શ્રદ્ધાવંદન.

# 'રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા'નું મુખ્ય મથક કયાં છે?

**ખજાનો**

અનિલ પટેલ

## ભારતની અર્થવ્યવસ્થા

૧ ભારતના કયા રાજયને પોતાના રાષ્ટ્રીય ધોરીમાર્ગોને સુધારવા માટે એશિયન ડેવલપમેન્ટ બેન્ક સૌથી વધુ રાશિની લોનનો લાભ પ્રાપ્ત થયેલ છે?
(અ) ગુજરાત (બ) આંધ્રપ્રદેશ
(ક) મહારાષ્ટ્ર (ડ) ઉત્તરપ્રદેશ

૨ રાષ્ટ્રીય આવકના સંદર્ભમાં કયુ બંધ બેસતું નથી ?
(અ) કાચી રાષ્ટ્રીય પેદાશ (બ) ચોખ્ખી રાષ્ટ્રીય પેદાશ
(ક) નિકાસ કમાણી (ડ) સાધનોમાંથી આવક

૩ ભારતમાં સૌથી વધુ આવક ક્યાંથી પ્રાપ્ત થાય છે ?
(અ) પ્રત્યક્ષ કરમાંથી (બ) ઉત્પાદન કરમાંથી
(ક) રેલવેમાંથી (ડ) ખેતીવાડીમાંથી

૪ એસ્ટેટ ડ્યુટી શું છે ?
(અ) માતૃભૂમિ પ્રત્યેનું કર્તવ્ય (બ) એક પ્રકારનો કર
(ક) જમીન જાયદાદ પ્રત્યે કર્તવ્ય (ડ) ઉપરમાંથી એક પણ નહીં

૫ ગુજરાત કયા ખનીજક્ષેત્રે અગ્રસ્થાને છે ?
(અ) તાંબુ (બ) લોખંડ
(ક) સોડા એશ (ડ) કોલસો

૬ ભારતમાંથી પ્રાપ્ત થતાં ખનીજોમાંથી વિદેશી હૂડિયામણ કમાઈ આપતું સૌથી મહત્ત્વનું ખનીજ કયું છે?
(અ) બોકસાઈટ (બ) યુરેનિયમ
(ક) જસત (ડ) કોલસો

૭ પ્રથમ રાષ્ટ્રીય આયોજન સમિતિના અધ્યક્ષ કોણ હતાં ?
(અ) સરદાર પટેલ (બ) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
(ક) સી. રાજાગોપાલચારી (ડ) જવાહરલાલ નહેરુ

૮ બી.આઈ.એફ.આર સંસ્થા કઈ બાબત સંબંધિત છે?
(અ) ખેતી વિકાસ (બ) ખેત ધિરાણ
(ક) નાના વેપારી (ડ) માત્ર ઉદ્યોગો

૯ નીચેનામાંથી કોણ અર્થશાસ્ત્રી ન હતા ?
(અ) જે આર ડી તાતા (બ) મનમોહનસિંહ
(ક) અમર્ત્યસેન (ડ) લાકડાવાલા

૧૦ 'રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા'નું મુખ્ય મથક કયાં છે?
(અ) દિલ્હી (બ) મુંબઈ
(ક) કોલકાત્તા (ડ) ચેન્નાઈ

૧૧ 'પીળી ક્રાંતિ' (યેલો રિવોલ્યુશન) ક્યાં ઉત્પાદન સંબંધિત છે?
(અ) તેલીબીયાં (બ) રાસાયણિક
(ક) ઘઉં (ડ) પેટ્રોકેમિકલ

૧૨ 'હરીત ક્રાંતિ' ક્યાં ઉત્પાદનના પગલે થઈ?
(અ) કઠોળ ઉત્પાદન (બ) તેલીબીયાં
(ક) બાગાયત (ડ) ઘઉં

૧૩ ક્વૉટા શું છે ?
(અ) આયાત પરનો કર (બ) પૂંજીગત પદાર્થની આપાત
(ક) આયાત કરવાની સીમા (ડ) નિકાસ કરવાની સીમા

૧૪ ફુગાવાનો સંબંધ કોની સાથે છે?
(અ) અતિ ઊંચી કિંમત (બ) વધતી જતી કિંમત
(ક) ઘટતી જતી કિંમત (ડ) અતિ નિમ્ન કિમંત

૧૫ સરલ લોનનો અર્થ શું થાય?
(અ) લઘુ અવધિ લોન (બ) કૃષિ ઉત્પાદન માટે લોન
(ક) સરળતાથી મળે તેવી લોન (ડ) ઓછા વ્યાજ દરની લોન

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટ**

- ૧૩ ઓગસ્ટ :
  - શિવાજી મહારાજ ફળોની ટોપલીમાં સંતાઈને ઔરંગઝેબની કેદમાંથી છટકી ગયા (૧૭૬૬)
  - ભારતમાંથી જાપાની સૈન્યને તગેડી મુકાયું (૧૯૪૪)
  - મશહુર અમેરિકન બેઝબોલ પ્લેયર મીકી મેન્ટેલેનું અવસાન (૧૯૫૫)
  - સ્પેનિશ અમેરિકન યુદ્ધ દરમિયાન અમેરિકન સૈન્યે ફિલિપિન્સના મનીલા બંદર પર કબજો કર્યો (૧૮૯૮)
- ૧૪ ઓગસ્ટ :
  - ૧૨૪૮ માં જેનું બાંધકામ શરૂ થયું તે જર્મનીના કોલોખન ખાતે આવેલી કેથેડ્રેલ ચર્ચનું બાંધકામ પુરું થયું (૧૮૮૦)
  - મશહૂર અમેરિકન ફિલ્મ અભિનેત્રી હેલી બેરીનો જન્મદિવસ (૧૯૬૬)
  - 'અભિનવ ભારવ' સંસ્થાના સ્થાપક સમાજ સેવી મેડલ ભીખાઈજી કામાનું નિધન (૧૯૩૬)
  - સાહિત્યકાર વિનોદ જોષીનો જન્મદિવસ (૧૯૫૫)
- ૧૫ ઓગસ્ટ : (ભારતનો સ્વતંત્રતા દિવસ)
  - મશહૂર કાર્ટૂનિસ્ટ પ્રાણકુાર શર્માનો જન્મદિવસ (૧૯૩૮)
  - ફ્રાન્સના જાણીતા સરમુખત્યાર નેપોલિયન બોનાપાર્ટનો જન્મદિવસ (૧૭૬૯)
  - ઉત્તરી આયર્લેન્ડના ઓમાગ શહેરમાં કાર બોમ્બ વિસ્ટોફમાં ૨૯ લોકોને જાન ગુમાવ્યા, ૨૦૦ ઘાયલ થયા (૧૯૯૮)
  - કોરિયાના રાજકીય નેતા સિંઘમાન હી એ રિપબ્લીક કોરિયા એટલે સાઉથ કોરિયાની સ્થાપનાની જાહેરાત કરી. (૧૯૪૮)
- ૧૬ ઓગસ્ટ :
  - કર્મનિષ્ઠ ઉદ્યોગપતિ નાનજી કાલીદાસ મહેતાનું નિધન (૧૯૬૯)
  - પોડીચેરીનો ભારતમાં વિલય થયો
  - મશહૂર અમેરિકન સિંગર મેડોનાનો જન્મદિવસ (૧૯૫૮)
  - ફિફાના અધ્યક્ષ રહી ચૂકેલાં બ્રાઝીલના બીઝનેશમેન જોહા હેવેલેન્ગનું ૧૦૦ વર્ષની ઉંમરે અવસાન (૨૦૧૬)
- ૧૭ ઓગસ્ટ :
  - રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનો જન્મદિવસ (૧૮૯૬)
  - ઈન્ડોનેશિયા, નેધરલેન્ડથી મુક્ત થયું સ્વતંત્ર થયું (૧૯૪૫)
  - બ્રિટીશ લેખક સર વી. એસ નાઈપોલનો જન્મદિવસ (૧૯૩૨)
  - તુર્કીમાં આવેલ ૭.૪ના ધરતીકંપમાં ૧૭ હજાર લોકોનાં મોત થયાં, પાંચ લાખ લોકોના ઘર ધરાશાયી થયા (૧૯૯૯)
- ૧૮ ઓગસ્ટ :
  - સિંતાશુ યશચંદ્રનો જન્મદિવસ (૧૯૪૧)
  - પાકિસ્તાનના પૂર્વ પ્રમુખ પરવેઝ મુશર્રફનો જન્મદિવસ (૧૯૪૩)
  - ગરબીના રચયિતા દયારામનો જન્મદિવસ (૧૭૭૭)
  - પ્રથમ લેટિન - અમેરિકન બેઝબોઝ પ્લેયર રોબેર્ટો ક્લીમેન્ટેનો જન્મદિવસ (૧૯૪૬)
- ૧૯ ઓગસ્ટ : (વર્લ્ડ ફોટોગ્રાફી દિવસ)
  - અમેરિકન પૂર્વ રાષ્ટ્રપ્રમુખ બિલ ક્લીન્ટનનો જન્મદિવસ (૧૯૪૬)
  - નોબેલ પ્રાઈઝ વિજેતા ફીઝીકલ કેમિસ્ટ, વૈજ્ઞાનિક લિનિયસ પોલીંગનું ૯૩ વર્ષની ઉંમરે અવસાન (૧૯૯૪)
  - હજારી પ્રસાદ ત્રિવેદીની જન્મજયંતિ (૧૯૦૭)

### ગયા સપ્તાહના સવાલનો જવાબ

ભારતના પૂર્વના કયાં બે રાજયો વચ્ચે સીમા વિવાદ થયો છે?

જવાબ : આસામ - મિઝોરમ

### સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) રૂજિત રાવલ : સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૩) હાર્દિક મકવાણા : સે-૨૩ (૪) શિવાંગ પટેલ : સરગાસણ (૫) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૬) નટુભાઈ દરજી : પેથાપુર

### આ સપ્તાહનો સવાલ

જાસુસી બાબતે ચાલતા વિવાદમાં ઈઝરાયેલના કયા સોફ્ટવેરની ચર્ચા થઈ રહી છે?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# તહેવારની ખરી મજા કયારે આવે ?

## 'સેલ' ની સીઝનની શુભેચ્છા...

**હળવે હૈયે**

પ્રકાશ લાલા

તહેવાર ધાર્મિક હોય કે રાષ્ટ્રીય. એની ખરી મજા તો જ આવે જો એના નિમિત્તે એક 'એક્સ્ટ્રા હોલીડે' - વધારાની રજા મળતી હોય !

જેમ લિમિટેડ ગાંઠિયા - ફાફડા સાથે જોઈએ તેટલા મીન્સ ખવાય એટલાં મરચાં - ચટણી મળતાં હોય કે એક ઢોંસા જોડે અનલિમિટેડ સંભાર પીરસાતો હોય તો એની લિજ્જત ને સ્વાદ કંઈ ઑર જ આપતાં હોય છે. નોકરિયાત લોકો માટ તહેવારોનું ય એવું ખરું.... જો એની રજા મળી તો મજા મજા - એ તહેવારો માટેનો એમનો ઉમળકો અલગ જ હોવાનો.... પછી ભલે ને મોટા ભાગના લોકો ઘરમાં ભરાઈ રહેતા હોય !!

આ વખતે - આ ઓગસ્ટ માસમાં આપણાં જે બે મોટા તહેવારો છે - સ્વાતંત્ર્ય દિન - ૧૫ ઓગસ્ટ અને બળેવ - રક્ષાબંધન - નાળિયેરી પૂનમ - બંને રવિવારે જ છે આ તહેવારોની એક્સ્ટ્રા રજા કપાઈ જાય છે ને તેથી લોકોમાં નોકરિયાય લોકોમાં ઉત્સાહને બદલે કચવાટ હોય તે સ્વાભાવિક છે.

આપણે ત્યાં સરકારી કર્મચારીઓ બિચારા બદનામ છે કે એ લોકો નવા - આગામી વર્ષની જાહેર રજાઓની યાદી બહાર પાડતાં જ, નવાં વર્ષનું કેલેન્ડર હાથમાં લઈને ઊંડો અભ્યાસ કરવા માંડે છે, કયા મહિનામાં કેટલા પબ્લિક હોલીડેઝ મળશે, ક્યા શનિ-રવિની કાયદેસર મળતી રજાઓને ખાઈ જવાના છે, એની ગણતરીમાં 'બીઝી' થઈ જાય છે. શનિ-રવિની રજાની આગળ પાછળ આવતી જાહેર રજાઓના 'ઝૂમખાં' ને ગોતવામાં ને એકાદ સીએલ મૂકી દેવાથી કે ગોપચી મારવાથી જાહેર રજાના લાભ સાથે 'મીની વેકેશન' વર્ષમાં કેટલીવાર મળે છે તેનો 'સ્ટડી' રસપૂર્વક થતો હોય છે.

જો કે અમે જોયું છે કે રજાઓનું આકર્ષણ આપણા દેશમાં નોકરિયાતોની માફક પરદેશમાં પણ બધાંને હોય જ છે... કહો ને કે બધાં દેશોની પ્રજા માટે આ 'રજા પ્રેમ' 'આવ ભાઈ હરખા, આપણે બેય સરખા' જેવો જ જોવા મળે છે....

લંડનમાં શનિ-રવિની રજા 'વીકએન્ડ' પછી સોમવારે આવતા બેંક હોલીડે (પબ્લીક હોલી ડે ને ત્યાં બેંક હોલી ડે કહે છે ) સાથેની છૂટ્ટીને 'લોંગ વીક એન્ડ' કહેવાનું ચલણ છે. અને આવું 'લોંગ વીક એન્ડ' વર્ષમાં કયારે કયારે મળશે તેનો 'સ્ટડી' કરીને, તેમાં શું કરવું એનું એડવાન્સ પ્લાનિંગ - બુકીંગ બધા કરતાં હોય છે - કરવું જ જોઈએ. બુદ્ધિશાળી લોકો એડવાન્સ પ્લાનિંગ ના કરે તો નવાઈ ! સર્વિસવાળા ફરવા જવાનું, પાર્ટી - પિકનિક - બાર્બેક્યુનાં પ્લાનિંક કરે અને ધંધાવાળા સ્ટોર્સ - મોલવાળા 'લોંગ વીક એન્ડ સેલ' નાં પ્લાનિંગ કરી તેની એડવાન્સ પબ્લિસિટી કરે... બધાં કંઈનું કંઈ ક તો કરે જ...

'વીક એન્ડ' કે 'લોંગ વીક એન્ડ' હોયને એમાં સૂરજદાદા મહેરબાન થયાં તો તો પછી ગોરી પ્રજાને દિવાળી જ આવીજાણો.... સૂર્યદર્શન માટે ઝંખતી અને તડકો ખાવા તડપતી પરદેશી પ્રજાના મિજાજની વાત પણ અલગ હોય છે... 'વીક એન્ડ' કે 'લોંગ વીક એન્ડ' હોય અને જો વેધર રીપોર્ટ 'સની ડે' બતાવતો હોય તો કોઈ ઝાલ્યું ના રહે ! બધાં ફેમિલી સાથે, ફ્રેન્ડ્સ સાથે કે સિંગલ - એકલા તો એકલા - દોટ મૂકે (ગાડીઓ ને બાઈકો પર સ્તો...) 'સી બીચ' તરફ... ત્યાં કીડિયારું ઊભરાયું હોય એમ માણસો જ માણસો નજરે ચઢે.... બીચ ઉપર ખુલ્લા થઈને રેતીમાં કે ચેર્સ પર (બીચ ઉપર ભાડે એર્સ આપવાનો બીઝનેસ પણ ત્યારે તેજીમાં હોય) લાંબા થઈને વાંચે, મોં ઉપર કેપ ઢાંકી ઊંઘે, મ્યુઝિક સાંભળે, દરિયાનાં મોજાં સાથે મસ્તી કરે, ખાય-પીએ ને શરીરને વિટામીન - ડી - આપવા સાથે આઉટિંગ પિકનિકની મોજ માણી રિચાર્જ થઈ જાય, નેક્સ્ટ 'વીક ડેઝ' માં હડિયાપટ્ટી કરવા માટે. અમે પરદેશ જઈએ ત્યારે છોકરાઓએ 'લોંગ વીક એન્ડ'ના કરી રાખેલા એડવાન્સ પ્લાનિંગમાં આવું બધું જોવાનો વારો આવે છે ખરો....

મૂળ વાત આપણાં 'રજા પ્રેમ'ની કરતા હતા... આઝાદી દિન કે રક્ષાબંધન તો નિરાશા કરનારા તહેવાર બન્યા છે. પણ જન્માષ્ટમીએ અને ચાલુ દિવસે હોવાથી શ્રીકૃષ્ણ ભગવાને કૃપા કરી છે. રજા કપાતી નથી માટે એ રજામાં 'મજા' કરી લેવાની બીજું શું !

● ● ●

શ્રાવણ મહિનો એટલે 'ઓમ નમઃ શિવાય' ના જાપ જપતાં જપતાં, મહાદેવજીને બિલીપત્રને દૂધનો અભિષેક કરતાં કરતાં 'ભોલેનાથ'ની ભરપૂર ભક્તિનો મહિનો તો ખરો જ. સાથે સાથે તહેવારોના કારણે માર્કેટમાં ઠેર ઠેર ચાલતાં 'સેલ' નો મહિમનો ય ખરો.

'સેલ' શબ્દ કાને પડતાં આંખે ચઢતાં, 'સસ્તું' નો રોમાંચ થઈ જાય છે કેમ કે સસ્તું મળે એ સૌને ગમે જ - બહેનોને તો સવિશેષ. તેથી જ દુકાનકારો મહિલા ગ્રાહકોને ખેંચવા ને 'સેલ' ના નામે પોતાનું 'સેલ' વધારવા તેમને 'સેલ' થી લલચાવતા હોય છે!

બહેનો પોતાની નણંદના વીરાને, 'રક્ષાબંધને' તમારી બહેનને આપવા 'સેલ' માંથી ખરીદી આવીએ - બહુ સસ્તુ પડશે' કહી પતિદેવને 'સેલ'માં લઈ જઈ, નણંદ સાથે પોતાના માટેય કંઈક લેવા પટાવી લેતી હોય છે... 'સેલ' નું પાટિયું વાંચીને ખુશ થતાં દુકાનમાં ઘૂસો એટલે જાહેરાતમાં સૌથી સસ્તી 'આઈટેમ' લખી હોય એ તો અચૂક 'આઉટ ઓફ સ્ટોક' હોય... પછી ૫૦ ટકા ઓફ વિશે પૂછો એટલે ત્રણ આઈટમો લો તો ૫૦ ટકા ઓફની વાત સમજાવાતી હોય છે... બાકી એક ઉપર તો પંદર - વીસ ટકા જ છે એમ કહેવામાં આવે છે... પણ બહેનો 'શોપ'માં ઘૂસે પછી ખરીદી ના કરે તો જ નવાઈ !! એટલે આ 'સેલ'ની સીઝનમાં બહેનો 'સેલ' માંથી ખરીદી કરવા પતિ પરમેશ્વરને મનાવવા પોતાની આવડત વાપરે અને પતિદેવો એમનાં શ્રીમતીઓને 'સેલ'થી દૂર રાખવા એમની 'સ્કીલ' કામે લગાડે એવી શુભેચ્છાઓ...